દિવ્ય ભાસ્કર, ગાંધીનગર ભાસ્કર, પાના નંબર-૦૧.
તારીખ :- ૨૧/૦૨/૨૦૨૬.

## શહેરને હેલ્થ, સ્પોર્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગિફ્ટ: બજેટમાં ગાંધીનગર માટે 570 કરોડથી વધુની જોગવાઈ કરાઈ

# શહેરમાં મેટ્રો, યુએન મહેતા હોસ્પિટલનું વિસ્તરણ કરાશે

## પાલજથી સરગાસણ સુધી બાયપાસ હાઇવે બનશે, જ- માર્ગ પરથી ભારે વાહનો ડાયવર્ટ થશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

રાજ્યના નાણામંત્રીએ રજૂ કરેલા બજેટમાં પાટનગર ગાંધીનગર માટે 570 કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓલિમ્પિકની યજમાનીની પૂર્વ તૈયારી માટે સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આ સાથે શહેરની વકરતી જતી ટ્રાફિકની સમસ્યા નિવારવા પણ ખાસ વ્યવસ્થા ગોઠવવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. શહેરના યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે ગાંધીનગરમાં રાજ્યની સૌથી મોટી નમો ડિજીટલ સેન્ટ્રલ લાયબ્રેરી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે 100 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. બજેટમાં ચિલોડાથી એસજી હાઈવે થઈને અમદાવાદ તરફ જતા વાહનો માટે પાલજથી સરગાસણ સુધીના બાયપાસ હાઈવે માટે વિશેષ ફાળવણી કરવામાં આવી છે. પાલજથી શાહપુર-રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ સુધીનો ફોરલેન બાયપાસ હાઈવે બનાવવામાં આવશે. જેથી શહેરના વીવીઆઈપી જ- રોડ પરથી ટ્રાફિકનું ભારણ ઘટાડી શકાશે. ઓલિમ્પિકની તૈયારીના ભાગરૂપે કરાઈ ખાતે 100 કરોડના ખર્ચે સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગાંધીનગર ખાતે બની રહેલા પેરા હાઈપર્ફોર્મન્સ સેન્ટર માટે 100 કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગરને હરીયાળુ શહેર બનાવવા માટે બજેટમાં 25 કરોડ રૂપિયાની જોગવાઈ વન કવચ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવી છે. શહેરમાં મહાત્મા મંદિર સુધીના પૂર્ણ રૂટ પર મેટ્રો રેલ દોડતી થઈ છે ત્યારે ગિફ્ટ સિટીમાં આંતરિક મેટ્રો રેલ સુવિધા માટે 40 કરોડ રૂપિયા ફાળવાયા છે. ગિફ્ટ સિટીની માળખાકીય સુવિધા માટે પણ 45 કરોડ ફાળવાયા છે. આરોગ્ય ક્ષેત્રે ગાંધીનગરમાં શરૂ થયેલી યુએન મહેતા કાર્ડિયોલોજી અને ન્યૂરોલોજી સેટેલાઈટ સેન્ટરના વિસ્તરણ સાથે નવી જગ્યા ઉભી કરવા તેમજ તબીબી સાધનો વસાવવા માટે 60 કરોડ રૂપિયા ફાળવાયા છે.

### પાણી- ગટરના કામો પાછળ વધુ 22 કરોડ ખર્ચાશે



ગાંધીનગરમાં 24 કલાક પાણીની યોજનાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, નવી ડ્રેનેજ લાઈનનું કામ પૂર્ણ થવાનરા આરે છે આ બંને કામગીરી પાછળ 500 કરોડથી વધુનો ખર્ચ સ્માર્ટ સિટી હેઠળ કરવામાં આવ્યો છે. આ બંને જવાબદારી મહાનગરપાલિકા દ્વારા સંભાળવામાં આવનાર છે છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા પાણી અને ગટરના કામો માટે 22 કરોડ રૂપિયા બજેટમા ફાળવાયા છે. શહેરમાં વધારાની ગટરલાઈન નાખવા, જાસપુર એસટીપીની મશીનરી બદલવા, સરિતા ઉદ્યાન વોટર વર્કસમાં 8.25 લાખ ગેલન પાણીની ક્ષમતા સાથેની અન્ડરગ્રાઉન્ડ ટાંકી બનાવવા જેવા કામો કરવામાં આવશે.

### સરકાર શહેરના રસ્તા સુધારશે

શહેરના મુખ્ય માર્ગો હજુ પણ પાટનગર યોજના વિભાગ હસ્તક છે ત્યારે સરકાર કક્ષાએથી શહેરના વિવિધ માર્ગોની સુધારણા, પહોળાઈ વધારવા તેમજ રીસર્ફેસીંગ સહિતના કામો માટે 40 કરોડ રૂપિયાની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

### ટ્રાફિક ડીવાયએસપીની નવી જગ્યા ઊભી કરાઇ, નવું ટ્રાફિક પોલીસ સ્ટેશન પણ મંજૂર

મેટ્રો સિટીની જેમ જ ગાંધીનગરમાં પણ ટ્રાફિકની સમસ્યા વધી રહી છે જેથી આ માટે વિશેષ આયોજન કરવામાં આવી રહ્યા છે. પ્રથમવાર ગાંધીનગરમાં જિલ્લા ટ્રાફિક નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી)ની જગ્યા મંજૂર કરવામાં આવી છે. જેના માટે બજેટમાં 79 લાખ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. ડીવાયએસપી સાથે તેમનું નવું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે. ખાસ કરીને શહેરના નવા વિસ્તારો અને હાઈવે તરફના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા વધારે રહેતી હોવાથી ઈન્ફોસિટી, અડાલજ અને ડભોડા વિસ્તારને આવરી લેતું નવું ટ્રાફિક પોલીસ સ્ટેશન પણ બજેટમાં મંજૂર કરવામાં આવ્યું છે. આ માટે 2.42 કરોડ રૂપિયાના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. નવા ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં 1 પીએસઆઇ, 10 હેડ કોન્સ્ટેબલ, 30 કોન્સ્ટેબલ, 5 એએસઆઈનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

### ઉચ્ચ અધિકારીઓ માટે 110 બંગલો, કર્મીઓ માટે 182 કરોડના ખર્ચે આવાસ

ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ માટેના આવાસની તિવ્ર અછતના પગલે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સેક્ટરોમાં સરકારી કર્મચારીઓ માટે ટાવરટાઈપ કોલોની બનાવવા માટે બજેટમાં 182 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. બીજીતરફ ઉચ્ચ અધિકારીઓ માટે 110 નવા બંગલા બાંધવાની પણ જોગવાઈ રખાઈ છે. જે મુજબ ગ ટાઈપના 60, ખ- ટાઈપના 30 અને ક- ટાઈપના 20 બંગલાનું બાંધકામ કરવામાં આવશે. કેટલીક જગ્યાએ હાલના બંગલા તોડીને તેના સ્થાને નવા બંગલા બનાવવામાં આવશે. શહેરમાં હવે આવાસો જર્જરિત બની રહ્યા હોવાથી બજેટમાં ખાસ જોગવાઈ કરાઈ હતી.

### નવરાત્રીમાં ગરબા પર પથ્થરમારો થયો હતો તે બહિયલમાં પોલીસ સ્ટેશન બનશે

રાજ્ય સરકારના બજેટમાં બહિયલ ગામમાં પોલીસ સ્ટેશન ઉભું કરવાની જાહેરાત કરવામાં આવી છે. દહેગામ તાલુકાના બહિયલ ગામમાં ગત નવરાત્રિ દરમિયાન હિન્દુ વિસ્તારમાં ગરબા ચાલી રહ્યા હતા ત્યારે પથ્થરમારો થયો હતો. ત્યારબાદ ગામમાં બે જૂથ વચ્ચે કોમી હિંસા ફાટી નીકળી હતી. તત્કાલિન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગામની મુલાકાત લઈને માતાજીની આરતી ઉતારી હતી. તે પછી લાંબો સમય પોલીસ બંદોબસ્ત રખાયો હતો. હાલમાં બહિયલ આઉટપોસ્ટ છે. જેને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પોલીસ સ્ટેશનમાં પીઆઈ, પીએસઆઈ, કોન્સ્ટેબલ સહિત 35 પોલીસ કર્મચારીના સ્ટાફ સહિતનું માળખુ મંજૂર કરવામાં આવ્યું છે.

**ભાસ્કર અગ્રેસર**

### પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે બજેટમાં 5.70 કરોડની ફાળવણી કરાઈ

ગુજરાત સરકાર રાજ્ય અને જિલ્લા સ્તરે સમર્પિત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ્સ (પીએમયુ) સ્થાપવા જઈ રહી છે. એક મહત્વપૂર્ણ વહીવટી સુધારણા, જે બુધવારે રજૂ થયેલા રાજ્યના બજેટમાં હવે સત્તાવાર રીતે દર્શાવવામાં આવ્યું છે. બજેટમાં આ પીએમયુએસની સ્થાપના અને મજબૂતીકરણ માટે કુલ રુ 5.70 કરોડની વિશેષ ફાળવણી કરવામાં આવી છે. આ પગલું વિવિધ વિભાગોમાં સરકારની યોજનાઓનું વ્યાવસાયિક આયોજન, રિયલ-ટાઈમ મોનિટરિંગ અને કાર્યક્ષમ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે. પીએમયુ એ વિશેષ એકમ છે, જે પ્રોજેક્ટના સમગ્ર તબક્કાના સંચાલન પર દેખરેખ રાખવા, વિભાગો વચ્ચે સંકલન કરવા, પ્રગતિનું ટ્રેકિંગ કરવા અને અમલીકરણમાં આવતી અડચણો દૂર કરવા માટે રચાશે. રાજ્ય સ્તરે સર્વાંગી દેખરેખ માટે અને જિલ્લા સ્તરે સ્થાનિક સ્તરે અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે તેમની સ્થાપના કરીને સરકાર કેન્દ્રિય ધોરણો જાળવી રાખતાં મોનીટરીંગને વિકેન્દ્રીકૃત કરવાની દિશામાં આગળ વધી રહી છે.

**ભાસ્કર ઈનસાઈડ**

### ગત વર્ષના બજેટની આ બે જાહેરાત હજુ કાગળ પર રહી

રાજ્ય સરકારના ગત વર્ષના બજેટમાં ગાંધીનગરમાં પર્યાવરણની જાળવણી માટે મહત્વના બે પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ તે બંને કાગળ પર રહી ગઈ છે. તેનો અમલ હજુ શરૂ થયો નથી. જે મુજબ ગાંધનગરમાં ક્લિન એર પ્રોગ્રામ શરૂ કરવા માટે જાહેરાત થઈ હતી પરંતુ તેની કોઈ કામગીરી થઈ નથી. ઉલટાનો શહેરનો એક્યુઆઈ વધી રહ્યો છે. બીજીતરફ ગાંધીનગર ખાતે સેન્ટ્રલ મોનિટરીંગ સ્ટેશન દ્વારા રીયલ ટાઈમ મોનિટરીંગ માટે 2263 સ્માર્ટ વોટર ફ્લો મીટર અને 500 ઓનલાઈન ક્વોલિટી એનાલાઈઝર લગાવવાની પણ વાત હતી જે કામ પણ હજુ થયા નથી.

### ચ-2 અને ચ-3 સર્કલ પર અંડરપાસનું બનાવવાનું આયોજન



એકતરફ ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા વિવિધ સ્થળોએ અંડરપાસ બનાવવાનું આયોજન કરાઈ રહ્યું છે ત્યારે ચ- રોડ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચ-2 અને ચ-3 સર્કલ પર અંડરપાસ બનાવવા બજેટમાં જોગવાઈ રાખવામાં આવી છે. અગાઉ પણ આ મામલે આયોજન થયું હતું પરંતુ કામ આગળ વધ્યુ ન હતું.